દાખલ થયા તારીખ : ૦૩–૦૪–૨૦૦૬

રજી.લીધા તારીખ : ૦૩–૦૪–૨૦૦૬

નિકાલ થયા તારીખ : ૨૧–૦૫–૨૦૧૮

સમય : વર્ષ– ....... માસ........ દિવસ.......

અમદાવાદ મે.એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબ ની કોર્ટ નં– ૧૧, અમદાવાદ

ક્રિમીનલ કેસ નં– ૫૦/૨૦૦૬

આંક–

ફરીયાદી : શ્રી વી.જી.ઠકકર,(સી.એન.વી)
મદદનીશ નિયામક(રોજગાર) કચેરી, અમદાવાદ

વિરુધ્ધ

આરોપી :– આરોપી :– (૧) શ્રી એચ.પી.ગણાત્રા (ડાયરેકટરશ્રી)
રહે :– ગુજરાત રાજય સહકારી કૃષિ અને ગ્રામીણ વિકાસ બેંક, આશ્રમ રોડ,
અમદાવાદ
તહોમત :– સને ૧૯૫૯ ના ધી એમ્પોલયમેન્ટ એક્ષચેન્જીસ (કંપલસરી
નોટીફીકેશન ઓફ વેકન્સીસ) એકટ ની કલમ ૭ મુજબ

**<u>ચુકાદો</u>**

આ કામના ફરીયાદી શ્રી વી.જી.ઠકકર,(સી.એન.વી) મદદનીશ નિયામક(રોજગાર) કચેરી, અમદાવાદ નાએ આ કામના આરોપી (૧) શ્રી એચ.પી.ગણાત્રા (ડાયરેકટરશ્રી) રહે :– ગુજરાત રાજય સહકારી કૃષિ અને ગ્રામીણ વિકાસ બેંક, આશ્રમ રોડ,, અમદાવાદ વાળા વિરુધ્ધ અત્રેની અદાલતમા ગઈ તારીખ ૦૩–૦૪–૨૦૦૬ ના રોજ સને ૧૯૫૯ ના ધી એમ્પોલયમેન્ટ એક્ષચેન્જીસ (કંપલસરી નોટીફીકેશન ઓફ વેકન્સીસ) એકટ ની કલમ ૭ મુજબ ની લેખીત ફરીયાદ રજુ કરેલી. સદર ફરીયાદ ક્રિમીનલ કેસ રજીસ્ટરે નોંધી આ કામના આરોપીને સદર કાયદાની કલમ ૨(૨) ( સી) મુજબ સમન્સ કાઢ વાનો હુકમ કરવામા આવેલો.

પરંતુ આ કામના ફરીયાદ ફરીયાદ કર્યા બાદ અદાલતમા સતત ગેરહાજર રહેતા હોય આ અદાલતે તા. ૧૯–૦૭–૧૭ ના રોજ આંક– ૧ નીચે હુકમ કરી સી.આર.પી. કલમ ૨૫૬ (૧) અન્વયે આ ફરીયાદ રદ કરવાનો હુકમ કરેલો.

ત્યાર બાદ ફરીયાદ પક્ષે તા. ૨૮–૦૨–૧૮ ના રોજ અત્રેની અદાલતમા હાજર થઈ ક્રિમીનલ પરચુરણ અરજ નં– ૧૨૩૪/૧૮ ની અરજી દાખલ કરી ક્રિમીનલ કેસ નં– ૫૦/૨૦૦૬ નો કેસ રીસ્ટોર કરવા માટે અરજ ગુજારેલી. આથી આ અદાલતે આરોપીને નોટીસ કરતા તેની બજવણી થતા આરોપી આજ રોજ અદાલતમા હાજર થયેલ છે અને ફરીયાદીની અરજી મંજુર કરી કેસ ફરી ફાઈલ લેવા સામે આરોપી પક્ષે કોઈ વાંધો ન હોય આ અદાલતે ક્રિમીનલ કેસ નં– ૫૦/૨૦૦૬ ના કામે તા. ૧૯–૦૭–૧૭ ના રોજ ફરીયાદી ની ફરીયાદ રદ કરતો કરેલ હુકમ રદ કરી આ ફરીયાદ તેના જુના નંબર થી ફરી થી ફાઈલે લેવાનો આજ રોજ હુકમ કરેલ છે.

ત્યાર બાદ આરોપી ના ઓથોરાઈજ પર્સન અને હાલ ના ડેપ્યુટી જનરલ મેનેજર (એસ્ટબીલ્સ મેનેજમેન્ટ વિભાગ) રતનસિંહ ચંદનસિંહ વાઘેલા એ અદાલતમા આરોપી વતી હાજર થઈ આંક– ૫ ની કબુલાત પુરશીસ અને આંક – ૬ ની પ્લી રેકર્ડ કરવામા આવેલ છે આરોપીને તેના વિરુધ્ધ મુકાવમા આવેલ આક્ષેપ વાળો ગુનો કબુલ છે તેમજ પોતે બીમાર અને વૃધ્ધ હોય પોતાના ઉપર દયા બતાવવા માટે અદાલતને વિનંતી કરે છે. આમ આરોપી આ ગુનો સ્વેચ્છાએ કોઈ પણ જાતના દાબ–દબાણ કે લાલચ કે પ્રલોભન કે ધાક–ધમકી સિવાય કબુલ કરે છે. આથી આરોપીની આ કબુલાત સ્વીકારવામા આવે છે અને આ કામના આરોપીને સને ૧૯૫૯ ના ધી એમ્પોલયમેન્ટ એક્ષચેન્જીસ (કંપલસરી નોટીફીકેશન ઓફ વેકન્સીસ) એકટ ની કલમ ૭ મુજબ દોષીત ઠરાવામા આવે છે અને આ કામે નીચે મુજબ આખરી હુકમ ફરમાવામા આવે છે.

**:- હુકમ:-**

આ કામના આરોપી આરોપી (૧) શ્રી રતનસિંહ ચંદનસિંહ વાઘેલા (ડેપ્યુટી જનરલ મેનેજર) રહે :- ગુજરાત રાજય સહકારી કૃષિ અને ગ્રામીણ વિકાસ બેંક, આશ્રમ રોડ,, અમદાવાદ વાળા ને ક્રિમીનલ પ્રોસીજર કોડ ૧૯૭૩ ની કલમ ૨૫૨ અન્વયે સને ૧૯૫૯ ના ધી એમ્પોલયમેન્ટ એક્ષચેન્જીસ (કંપલસરી નોટીફીકેશન ઓફ વેકન્સીસ) એકટ ની કલમ ૭ મુજબના ભંગ બદલતે જ કાયદાની કલમ ૨ (૨) (સી) ના ગુના સબબ દોષીત ઠરાવમા આવે છે અને તેઓને દરેક રુપીયા ૫૦૦/- અંકે રુપીયા પાંચ સો પુરા નો દંડ ભરવાનો હુકમ કરુ છું.

જો આરોપી દંડ ની રકમ ના ભરે તો તેણે વધુ દીન - ૫ ની સાદી કેદ ભોગવવાની રહેશે.

હુકમ આજ રોજ ૨૧ મી મે સને ૨૦૧૮ ના રોજ ખુલ્લી અદાલતમા લખી વાંચી, સંભળાવી જાહેર કર્યો.

મુ. અમદાવાદ
તા. ૨૧-૦૫-૧૮

એડી.ચીફ.મેટ્રો.મેજી. કોર્ટનં ૧૧,
મેટ્રોપોલીટન કોર્ટ, ઘી કાંટા, અમદાવાદ
(યુનિક કોડ નં- જી.જે.૦૦૪૯૪)